પ્રશ્ન 1. નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમ-અક્ષર પ્રમનની સામે [ ]માં લખો :

(1) 'આપ સમો નહીં મિત્ર' એટલે......... [ગ]

(ક) આત્મશ્લાધા.

(ગ) આપબળ.

(ખ) આત્મચિંતન.

(ઘ) આત્મગૌરવ.

(2) 'વૃથા ગુમાવે તોલ બહુ બોલીને દેડકાં.' - આ પંક્તિમાં 'તોલ' શબ્દનો [ઘ]

(ક) ભુલાઈ. (ખ) ફોગટ. (ગ) મીઠાશ. (ધ) [કમત.

(3) મૈત્રીભાવ સનાતન' એટલે........ [ખ]

(ક) મિત્રતા વિના બધું જ નકામું.

(ખ) સૌની સાથે હળીમળીને રહેવું.

(ગ) કોઈની સાથે વેર ન રાખવું.

(ઘ) વધારે મિત્રો રાખવા.

(4) વિચારવિસ્તાર એટલે........ [ક]

(ક) સમજપૂર્વક વિચારને વિસ્તારવો.

(ખ) લંબાણથી લખવું.

(ગ) લખાણને વિસ્તારથી લખવું.

(ઘ) વિચારને વિસ્તાર્યા જ કરવો.

પ્રશ્ન 2. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(1) મિત્ર કેવો હોવો જોઈએ?

➢ મિત્ર પોતાના જેવો જ હોવો જોઈએ પોતે જ પોતાનો સાચો મિત્ર છે.

(2) આપણે બીજા સાથે કેવી રીતે વર્તવું જોઈએ?

➢ આપણે બીજા સાથે પ્રેમથી વર્તવું જોઈએ.

(3) મૈત્રીભાવને સર્વ દુ:ખોનું ઔષધ શા માટે કહ્યું છે?

➢ વેરભાવ રાખવાથી વેર દૂર કરી શકાતું નથી. પાપને ઢાંકવા પાપ કરવાથી પાપ ઓછાં થતાં નથી, ઊલટાનો વધે છે. મૈત્રીભાવ જ વેરભાવને દૂર કરે છે. તે જ સર્વ દુ:ખોનું ઔષધ છે.

(4) સંત પુરુષોનું જીવન કેવું હોય છે?

➢ સંત પુરુષોનું જીવન ધૂપ જેવું હોય છે. તે પોતે દુ:ખ વેઠીને બીજાને સુખ આપે છે.

(5) મીઠી વાણી માટે શ્નેનાં ઉદાહરણ આપવામાં આવ્યાં છે?

➢ મીઠી વાણી માટે પોપટ અને કોયલના ઉદાહરણ્રો આપવામાં આવ્યો છે,

(6) સંતો અન્યને કેવી રીતે સુખી કરે છે?

➢ જેમ ધૂપસળી પોતાની જાતને બાથી સમગ્ર વાતાવરક્ષને સુવાસિત રે છે, તેમ સંતો પોતે દુ:ખ સહન કરીને અન્યને સુખી કરે છે.

## ❖ સ્વાધ્યાયના પ્રશ્નોત્તર

પ્રસ્ત 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) આપણી જાતે કામ કરવાથી શો ફાયદો થાય છે?

➢ જે પારકી આશા છો, પોતાનાં કામ જાતે જ કરે છે. તેનો આત્મવિમાનું વધે છે, તેને નિરાશા અનુભવવી પડતી નથી, પોતે નિષ્ફળ જાય તો એના કારણીને દૂર કરીને સફળ થઈ શકે છે.

(2) જીવનમાં મૈત્રીભાવનું શું મહત્ત્વ છે?

➢ જીવન અનેક વિષમતાઓ, વેરઝેર, કાવાદાવા તેમજ દુ:ખોથી ભરેલું, છે. કાદવથી કાદવ ધોઈ શકાય નહિ. જીવનમાં સુખ અને શાંતિ મેળવવા માટે નિ:સ્વાર્થ મૈત્રીભાવ જ એકમાત્ર અસરકારક ઉપાય છે.

પ્રશ્ન 2. આટલું શોધો અને લખો :

(1) પોતાની જાત(આપબળ)નો મહિમા દર્શાવતી કહેવતો કે પંક્તિઓ શોધીને લખો.

➢ **કહેવતો :** આપ ભલા તો જગ ભલા; આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ; હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા.

➢ **પંક્તિઃ**

* જાતે જે નર કરી શકે, તે ન બીજાથી થાય, આપ મૂઆ વિના કોઈથી, સ્વર્ગે નવ જવાય.
* ચાકરનું રળ્યું ચાકર ખાય, ઘરનો ધણી પથ્થો જાય ને જાતે રળે ત્યારે કોઠી ભરાય.

2 વાણીનો મહિમા દર્શાવતી કહેવતો કે પંક્તિઓ શોધીને લખો :

➢ **કહેવતો :** બોલે તેના બોર વેચાય; માણ્યા વગર માં પણ પીરસે નહિ; . Attt કરવી Sારે ને લડાઈ કરવી તુંકારે; હોઠ સાજા તો ઉત્તર ઝાઝા; બોલે નહિ સી, તો સો નય ખસી; વાણી પરથી પ્રાણી પરખાય.

➢ **પંક્તિઃ**

ના વસ્ત્રથી, ના શાસ્ત્રમ્પી;
ઓળખાય છે વાણી માત્રથી.

3. મિત્રતાનો મહિમા દર્શાવતી કહેવતો કે પંક્તિઓ શોધીને લખો.

**કહેવતોઃ** માથું આપે તે મિત્ર; મૈત્રી એ સુખનો ગુણાકાર અને દુઃખનો ભાગાકાર છે. મિત્રતા એવો છોડ છે કે જેને હંમેશાં પ્રેમરૂપી પાણીથી સીંચવો પડે છે.

➢ **દુહોઃ**

શેરી મિત્રો સો મળે; તાળી મિત્ર અનેક,
જેમાં સુખદુઃખ પામીએ તે લાખોમાં એક.

4. અન્ય પાંચ સુભાષિતો મેળવીને લખો:

(1) હોય કામ મુશ્કેલ પણ, ઉદ્યમથી ઝટ થાય;
ખંત જો દિલમાં હોય તો; કદી ન ફોગટ જાય.

(2) હંસા પ્રીતિ ક્યાંયની, વિપત પડે ઊડી જાય;
સાચી પ્રીત શેવાળની, જળ ભેગી સુકાય.

(3) જે જન પામે પૂર્ણતા, તે ન કદી ફુલાય,
પૂરો ઘટ છલકાય નહિ, અધૂરો ઘટ છલકાય.

(4) મોટાઓની અલ્પતા જોઈ થાક્યો,
નાનાની મોટાઈ જોઈ જીવું છું.

(5) બહુ જન મળીને જે કરે, તે એકે નવ થાય;
સાવરણી ઘર સાફ કરે; સળી એકે શું થાય?

(5) શાળાની દીવાલ પરથી તમને ગમતા પાંચ સુવિચાર લખો :

- ક્ષમા વીરોનું આભૂષણ છે. (2) સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે E4. (3) પ્રેમ સ્વર્ગનો રસ્તો છે. (4) માતાનું હ્દય બાળકની પાઠશાળા છે. 5) સ્વાશ્રય અને સંયમ એ ચારિત્ર્યનાં બે ફેફસાં છે.

પ્રશ્ન 4. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો :

| | |
|---|---|
| (1) આભ x ધરતી | (4) ફાયદો x નુકસાન |
| (2) પાપ x પુણ્ય | (5) વેર x મૈત્રી |
| (3) મિત્ર x દુશ્મન | (6) સુખિયાં x દુખિયાં |

પ્રશ્ન 5. નીચેનાં સુવાક્યોનો વિચારવિસ્તાર કરોઃ

(1) આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ.

- જે સ્વાશ્રયી હોય છે તેને હાથ લાંબો કરવાનો વારો આવતો નથી. મારી આશા છોડીને પોતાના બળ ઉપર આધાર રાખનાર વ્યક્તિનો આત્મવિશ્વાસ વધે છે. તે ગમે તેવાં મુશ્કેલ કાર્યો પણ સહેલાઈથી પાર પાડી શકે છે. આપણું કામ બીજું કોઇ કરી આપશે, એવી પારકી આશા રાખવાથી, વ્યક્તિ નિર્બળ બની જય છે, એને નિરાશા જ અનુભવવી પડે છે.

- આ માટે મેષ(વરસાદ)નું ઉદાહરણ આપવામાં આવે છે. વરસાદનાં પાણી જ ખેતી અને જીવન માટે પૌષક છે.

(2) પાણી અને વાણી વિચારીને વાપરી.

- પાણી કુદરતે આપેલી અમુલ્ય સંપત્તિ છે. કુદરતે ખુલ્લે હાથે વેરેલી સંપત્તિ | જતનથી સાચવવી જોઇએ. આપણે તેને જરૂર પ્રમાણે વાપરવાને બદલે, વૈડફીએ છીએ. પાણી ન મળે ત્યારે જ પાણીની સાચી કિંમત સમજાય છે. પાણી વાપરવામાં આપણે વિવેક રાખવો જોઇએ.

- એ રીતે વાણીનો સંયમ પણ અત્યંત જરૂરી છે. જ્યાં બોલવું જોઇએ ત્યાં બોલીએ અને જ્યાં બોલવું ન જોઇએ ત્યાં બોલીએ તે પણ ખોટું છે. પાણી વાપરવામાં જેમ વિવેક રાખવો જોઇએ એમ વાણીનો પ્રયોગ કરવામાં પણ વિવેક રાખવો જોઇએ. બંને વિચારીને વાપરીએ તો પસ્તાવું ન પડે.

પ્રશ્ન 6. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :

વૃથા, છત્ર, કોયલ, વેર, ઔષધ, સુવાસિત, આભ, અંધકાર

- અંધકાર, આભ, ઔષધ, કોયલ, છત્ર, વૃથા, વેર, સુવાસિત